પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : FRIDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદની ગરબાડા તાલુકા પંચાયતની જનસુનાવણીમાં નાગરિક રજૂઆતો સાંભળી.**
2. **રાજ્યમાં બે નવા હવાઈમથક વિકસાવવા રાજ્ય સરકારનું આયોજન.**
3. **ભજન, ભક્તિ અને ભોજનના ત્રિવેણી સંગમ સમાન ગિરનારની લીલી પરિક્રમાનો આજથી શુભારંભ થશે.**
4. **સુરત પોલીસે માદક પદાર્થ વિરોધી અભિયાન હેઠળ અત્યાર સુધી 337 આરોપીઓની ધરપકડ કરી.**
5. **રાજ્યમાં હજુ બે દિવસ સામાન્ય ઠંડીનો અનુભવ થશે.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

CM DAHOD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના પ્રવાસના બીજા દિવસે જિલ્લા અધિકારીઓ સાથે બેઠક યોજી વિકાસ કામોની સમીક્ષા કરી. તેમણે ગરબાડા તાલુકા પંચાયતમાં જનસુનાવણીમાં નાગરિક રજૂઆતો સાંભળી.

આ દરમિયાન તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં રાજ્યના અંતરિયાળ આદિજાતિ વિસ્તારો સુધી મુળભૂત જરૂરિયાતો સાથે કલ્યાણ યોજનાઓ અને વિકાસ કામોના લાભો સુપેરે પહોંચ્યાં છે.

શ્રી પટેલે ધાનપુર તાલુકામાં રતનમહાલ પ્રોજેક્ટની પણ મુલાકાત લીધી હતી. ઉપરાંત ગરબાડા તાલુકાના ભામા તળાઈ ફળિયામાં ગ્રામજનો સાથે સંવાદ પણ કર્યો હતો.

NEWS AIRPORTS

રાજ્ય સરકાર ઉડ્ડયન માળખા અને પ્રવાસન ક્ષેત્રને મજબૂત કરવા માટે રાજ્યમાં બે નવા હવાઈમથક વિકસાવવાનું આયોજન કરી રહી છે. આ સાથે જ અમદાવાદને એક મોટા એર કાર્ગો હબ તરીકે વિકસાવવાની દિશામાં પણ કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે 'ઇન્ડિએરપોર્ટ એક્સ્પો 2026'ની પાંચમી આવૃત્તિનું ઉદ્ઘાટન કરતાં પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન સચિવ ડૉ. કુલદીપ આર્યએ આ માહિતી આપી હતી.

ડૉ. આર્યએ જણાવ્યું કે પ્રાદેશિક હવાઈમથકના વિસ્તરણ અને આંતરરાષ્ટ્રીય હવાઈમથક પ્રોજેક્ટ્સની સાથે ટૂંક સમયમાં કાર્ગો સેવાઓ પણ શરૂ થવાની અપેક્ષા છે.

GIRNAR PARIKRAMA

ભજન, ભક્તિ અને ભોજનના ત્રિવેણી સંગમ સમાન જૂનાગઢમાં ગિરનારની લીલી પરિક્રમાનો આજથી શુભારંભ થશે. 36 કિલોમીટરની લાંબી પરિક્રમામાં આ વર્ષે લાખોની સંખ્યામાં ભાવિકો જોડાશે. ત્યારે ભક્તોના ઉત્સાહને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે.

સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

VOICE CAST: SANJEEV MEHTA

TRAIN UPDATE

જૂનાગઢ લીલી પરિક્રમા દરમિયાન મુસાફરોની સુવિધા માટે 28 નવેમ્બર સુધી રાજકોટ-જૂનાગઢ વચ્ચે બે જોડી મેળા વિશેષ ટ્રેન દોડાવવામાં આવી રહી છે. રાજકોટ-જૂનાગઢ વિશેષ ટ્રેન રાજકોટથી સવારે 10 વાગીને 25 મિનિટે, જ્યારે બીજી ટ્રેન રાજકોટથી રાત્રે સાડા 11 વાગ્યે ઉપડશે.

બીજી તરફ મુસાફરોના ધસારાને ધ્યાને લઈને સાબરમતીથી મુઝફ્ફરપુર અને અમદાવાદથી ગોરખપુર માટે એક તરફની વિશેષ ટ્રેનો દોડાવાશે. મુસાફરો વધુ માહિતી રેલવેની વેબસાઇટ પરથી મેળવી શકશે.

TANA RIRI MAHOTSAV

મહેસાણાના વડનગરમાં ઐતિહાસિક તાના-રીરી મહોત્સવ 2026નો પ્રારંભ થયો છે. મહોત્સવનો શુભારંભ કરાવતા કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે તાના અને રીરીના ઐતિહાસિક બલિદાનને તેમણે સંગીત પ્રેમીઓ માટે પ્રેરણા સ્ત્રોત ગણાવ્યું હતું.

BYTE: RUSHIKESH PATEL, CABINET MINISTER

મહોત્સવના પ્રથમ દિવસે શાસ્ત્રીય સંગીતના દિગ્ગજ કલાકારોની પ્રસ્તુતિએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. જેમાં કુમારી સૂર્યા ગાયત્રીએ પોતાના શાસ્ત્રીય ગાયનથી વાતાવરણમાં ભક્તિભાવ રેલાવ્યો.

GIR SOMNATH UTSAV

ગીર સોમનાથમાં આજથી બે દિવસ કલા અને સંસ્કૃતિનો અલૌકિક ઉત્સવ 'શ્રી સોમનાથ ઉત્સવ-2026 ઉજવાશે. આ ઉત્સવમાં કલાકારો રાત્રે સાડા આઠથી નાગરિકો સમક્ષ વિવિધ પ્રસ્તુતિ થકી રંગ જમાવશે, જેમાં વિવિધ કલાવૃંદો દ્વારા ગરબા, રાસ, લોકનૃત્ય, ડાયરો જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા કલા અને સંસ્કૃતિને ઉજાગર કરાશે.

ST SCHOLARSHIP

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન 58 લાખ 38 હજારથી વધુ આદિજાતિ વિદ્યાર્થીઓને 438 કરોડ 27 લાખ રૂપિયાની પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે, વર્ષ 2021-22 થી 2025-26 દરમિયાન 32 હજાર 226 આદિજાતિ વિદ્યાર્થિનીઓને પણ 420 કરોડ 28 લાખ રૂપિયાની પોસ્ટ-મેટ્રિક સહાય અપાઈ છે.

રાજ્ય સરકારે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટેની વાર્ષિક કૌટુંબિક આવક મર્યાદા અઢી લાખ રૂપિયાથી વધારીને 6 લાખ રૂપિયા કરી છે.

BAVALIYA – JASDAN ROAD KHATMUHURT

કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ ચાર કરોડના ખર્ચે જસદણ તાલુકાના બે માર્ગોના રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કર્યું. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બોઘરાવદર–બેડલા અને ભંડારીયા–હડમતીયા રોડનું પુનઃનિર્માણ કરાશે. આ પ્રસંગે શ્રી બાવળીયાએ જણાવ્યું, નવીન રસ્તાથી ગ્રામ્ય પરિવહન વધુ સુગમ બનતા વિકાસને વેગ મળશે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

SURAT ANTI DRUGS

સુરત પોલીસે માદક પદાર્થ વિરોધી અભિયાનને વધુ વેગ આપ્યો છે. **DCP** રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ અત્યાર સુધીમાં 270 ગુના દાખલ કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન 337 આરોપીઓની ધરપકડ કરી ત્રણ કરોડ 30 લાખ રૂપિયાની કિંમતનો માદક પદાર્થોનો જથ્થો જપ્ત કરાયો છે.

BYTE: RAJDEEP SINGH NAKUM, DCP

RAJKOT – DRUGS REVIEW

રાજકોટમાં છેલ્લા એક માસમાં માદક પદાર્થના ગેરકાયદે વેચાણ અને તસ્કરીના સાત કેસ નોંધાયા છે. ગઇકાલે યોજાયેલી રાજકોટ શહેર નાર્કો કોર્ડિનેશન સેન્ટરની બેઠકમાં આ માહિતી અપાઈ. બેઠકમા માદક પદાર્થો વિરુદ્ધ ઝુંબેશ અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી.

દરમિયાન શહેરમાથી 38.25 લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ‘સે નો ટુ ડ્રગ્સ’ અંતર્ગત ચાર હજાર 800 લોકોએ માદક પદાર્થોથી દૂર રહેવાના શપથ લીધા હતા.

SURENDRANAGAR – KHANIJ

સુરેન્દ્રનગરના થાનગઢમાં ચોટીલાના નાયબ કલેકટર અને તેમની ટીમે દરોડા પાડી **48** લાખ **90** હજાર રૂપિયાની ખનીજ ચોરી ઝડપી પાડી. ખાખરાવાળી ગામે આકસ્મિક તપાસમાં રોયલ્ટી પાસ વગરનું સાદી માટી ભરેલુ ડમ્પર અને અન્ય માલસામાન સહિત 47 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો. તો અભેપર ગામે ગેરકાયદે કોલસાનું ખનન ઝડપી પાડી એક લાખ 80 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

AMC STANDING

અમદાવાદ મહાનગરપાલિકાના આગામી બજેટ માટે અત્યાર સુધી બે હજારથી વધુ સૂચનો મળ્યા છે. સ્થાયી સમિતિની બેઠક બાદ અધ્યક્ષ કમલેશ પટેલે જણાવ્યું હતું કે, આ સૂચનો પૈકી શક્ય તેટલાં વધુ સૂચનોનો બજેટમાં સમાવેશ કરવામાં આવશે.

મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલોમાં માઇક્રોબાયોલોજી અને પેથોલોજી વિભાગ માટે 10 આધુનિક મશીનોની ખરીદવા પણ મંજૂરી અપાઈ હોવાનું તેમણે જણાવ્યું.

GANDHINAGAR MNC

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં મિલકતોના બાકી ભાડાની વસુલાત માટે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત તાજેતરમાં સેક્ટર-17 અને 22 ખાતે લાંબા સમયથી ભાડું ન ભરતા નવ માઈક્રોશોપિંગ એકમોને સીલ કરી 16 લાખ રૂપિયાની વસુલાત કરવામાં આવી છે.

WEATHER FC

રાજ્યમાં હજુ બે દિવસ સામાન્ય ઠંડીનો અનુભવ થશે. આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે અલનીનોની અસરને કારણે હાલ ઠંડીનો અનુભવ નહિવત થશે.

BYTE: RAMASHRAY YADAV, IMD

RAILWAY POOL – MORBI

પશ્ચિમ રેલવેએ મોરબીમાં વિરમગામ-સામખીયાળી રેલ્વે લાઇન પર 1500 ટનની સંયુક્ત ક્ષમતાવાળા ક્રેનનો ઉપયોગ કરીને એક જ બ્લોકમાં ત્રણ રેલવે પુલનું નિર્માણ કર્યું. આ પુલના નિર્માણથી આ વિસ્તારમાં ભારે વરસાદને કારણે રેલવે માળખાને થતું નુકસાન અટકશે.

રેલવેએ પાણીના નિકાલમાં સુધારો કરવા અને પૂર દરમિયાન ટ્રેક અને પાળાઓને નુકસાન થવાનું જોખમ ઘટાડવા માટે આશરે સાડા ત્રણ કિલોમીટરથી વધુની રક્ષણાત્મક દિવાલો બનાવી છે.

SRT RTO OFFICE

સુરતમાં **RTO** -પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરીમાં જાહેર રજાના દિવસોમાં પણ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક કાર્યરત્ રહેશે. **RTO** દ્વારા કરાયેલી આ પહેલથી સામાન્ય કાર્યદિવસોમાં ડ્રાઇવિંગ ટેસ્ટ માટે સમય ફાળવી ન શકતા અરજદારોને મોટી રાહત મળશે.

PANCHMAHAL CENSUS

પંચમહાલમાં વસ્તી ગણતરી-**2027**ના બીજા તબક્કાની કામગીરી માટે અધિકારીઓની બે દિવસીય તાલીમ અપાઈ. તાલીમ દરમિયાન અધિકારીઓને ફિલ્ડ વર્ક, ટેકનિકલ પ્રક્રિયા અને સમયમર્યાદામાં ચોકસાઈપૂર્વક માહિતી એકત્રિત કરવા અંગે માર્ગદર્શન અપાયું હતું.

ARVALLI – HOSPITAL

અરવલ્લીના મોડાસામાં **300** બેડની જનરલ હોસ્પિટલ ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં શરૂ કરવાનું આયોજન છે, જેને લઈને ગઇકાલે ઉચ્ચ અધિકારીઓ અને ધારાસભ્ય સહિતના આગેવાનોએ હોસ્પિટલની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી.

IFFI - 2026

ભારત આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ, **IFFI** 2026ની 57મી આવૃત્તિ આજે સાંજે એક ભવ્ય ઉદ્ઘાટન સમારોહ સાથે ગોવામાં શરૂ થઈ રહી છે. મુખ્યમંત્રી પ્રમોદ સાવંત અને મહોત્સવ નિર્દેશક, ફિલ્મ નિર્માતા આશુતોષ ગોવારિકર નવ દિવસીય સિનેમેટિક શોનું ઉદ્ઘાટન કરશે.

આ વર્ષના સંસ્કરણની વિષયવસ્તુ, 'સ્ટોરીઝ વિધાઉટ બોર્ડર્સ' એટલે કે સીમા વિનાની વાર્તાઓ છે, જેમાં ગોવાના કિનારા પર સિનેમેટિક વાર્તાઓનો સમૂહ એકત્ર થશે. પાવેલ પાવલીકોસ્કી દ્વારા દિગ્દર્શિત ઓપનિંગ ફિલ્મ 'ફાધરલેન્ડ' આજે ફેસ્ટિવલના તમામ સ્થળોએ પ્રદર્શિત કરાશે.

TEST CRICKET

પુરુષોની ક્રિકેટમાં, ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વેલિંગ્ટનમાં પ્રથમ ટેસ્ટ મેચ રમાઈ રહી છે. આજે બીજા દિવસે ન્યૂઝીલેન્ડે પહેલી ઇનિંગમાં નવ વિકેટે 358 રન બનાવ્યા છે.